# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-12-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

**1)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ BAPS સુવર્ણ મહોત્સવમાં સેવાને ભારતીય સંસ્કૃતિનો મુખ્ય સિદ્ધાંત ગણાવ્યો.

**2)** જંત્રીના દર મુદ્દે વાંધા સૂચન આપવાની મુદત 20 જાન્યુઆરી સુધી લંબાવાઈ.

**3)** **રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પ્રાકૃતિક ખેતીની ઝુંબેશમાં મહિલાઓની સહભાગિતાને અતિઆવશ્યક ગણાવી**

**4)** ગુજરાત એસટી નિગમ દ્વારા ખાલી પડેલી 1 હજાર 658 હેલ્પરની જગ્યા પર ભરતી જાહેર કરાઇ

**5)** સુરતની સુમુલ ડેરીના નવી પારડી ડેરી પ્લાન્ટને ઈન્ડિયન ડેરી એસોસિયેશનનો પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત કરવામાં આવ્યો

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# PM BAPS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રમુખ સ્વામી મહારાજની 103મી જન્મજયંતી નિમિત્તે યોજાયેલા સુવર્ણ મહોત્સવમાં BAPS સંસ્થાની કામગીરીને બિરદાવી હતી તેમણે જણાવ્યું હતું કે BAPSના કાર્યકરોની કામગીરી ભારતના સમૃદ્ધ આધ્યાત્મિક વારસાની ક્ષમતાનો પરિચય સમગ્ર વિશ્વને કરાવે છે. પ્રધાનમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે,

## બાઈટ PM

ભારતીય સંસ્કૃતિના આંતરિક મૂલ્ય તરીકે સેવાના સિદ્ધાંત પર ભાર મૂકતા, શ્રી મોદીએ સ્વયંસેવકોને સમાજની સુધારણા માટેના સંકલ્પો હાંસલ કરીને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવા વિનંતી કરી હતી.

બોચાસણવાસી અક્ષર પુરૂષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા BAPS ના કાર્યકર સુવર્ણ મહોત્સવના સમાપન કાર્યક્રમમાં વિશ્વના 30 દેશોમાંથી લગભગ 1 લાખ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. ઉલ્લેખનીય છે કે આ સુવર્ણ મહોત્સવનું ઉદ્ઘાટન મહંત સ્વામી મહારાજ દ્વારા 28 જાન્યુઆરી, 2024 ના રોજ સુરતમાં કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------

- APARNA KHUNT, રિદ્ધિ, NAVIN

# RUSHIKESH PATEL - JANTRI DAR

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે એક પત્રકાર પરિષદને સંબોધતા જાહેરાત કરી હતી કે, નવા જંત્રીના દર મામલે વાંધો હોય તેવા પક્ષકારોને સુવિધા માટે 1 મહિનાનો વધારોનો સમય અપાયો છે.

આ અંગે રાજ્યના પ્રવક્તા મંત્રીએ વધુ માહિતી આપી.

(બાઈટ - ઋષિકેશ પટેલ, આરોગ્ય મંત્રી)

-----------------------------------------------------------------------

- NDMS / હેમાંગીની, રિદ્ધિ NAVIN

# GOVERNOR - SURAT

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે આવનારી પેઢીને સ્વસ્થ અને સશક્ત બનાવવા પ્રાકૃતિક ખેતીની ઝુંબેશમાં મહિલાઓની સહભાગિતાને અતિઆવશ્યક ગણાવી છે. પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા સુરત જિલ્લા વહીવટીતંત્ર અને આત્માના અધિકારીઓને રાજ્યપાલશ્રીએ આપ્યું માર્ગદર્શન રાજ્યપાલે પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા સુરત જિલ્લા વહીવટીતંત્ર અને આત્માના અધિકારીઓ સાથે પ્રાકૃતિક ખેતી સંદર્ભે બેઠક યોજી જિલ્લામાં મહત્તમ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે એ માટે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જિલ્લામાં થયેલી પ્રાકૃતિક કૃષિ કામગીરીની સમીક્ષા કરીને જરૂરી સૂચનો કરતા પ્રાકૃતિક ખેતીમાં થયેલી કામગીરીની સરાહના કરી હતી. ખેડૂતોને પંચસ્તરીય પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધવાનો રાજ્યપાલ શ્રીએ અનુરોધ કર્યો હતો.

તેમણે કહ્યું કે પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે ગુજરાત દેશનું નેતૃત્વ કરશે, ત્યારે આ ઝુંબેશમાં મહિલાઓની સહભાગિતા અતિ આવશ્યક હોવાનું તેમણે ઉમેર્યું હતું.

રાજ્યપાલશ્રીએ આવનારી પેઢીને ઉપજાઉ જમીન વારસામાં આપવા પાણીની બચત, પર્યાવરણની રક્ષા, દેશી ગાયની રક્ષા, રોગમુક્ત સ્વસ્થ જીવન અને ખેતી-ખેડૂતના સર્વાંગી કલ્યાણ માટે પ્રાકૃતિક કૃષિ અપનાવવા રાજ્યના ખેડૂતોમાં જાગૃતિ આવે તેવા પ્રયાસો પર ભાર મૂક્યો હતો.

રાજ્યપાલશ્રીએ ઉપસ્થિત અગ્રણી પ્રગતિશીલ ખેડૂતો-માસ્ટર ટ્રેનર્સને પ્રાકૃતિક કૃષિ અપનાવવા પ્રેરણા પૂરી પાડવા જણાવ્યું હતું. ઉમરપાડા તાલુકાનું બિલવણ ગામ પ્રાકૃતિક ગામ બન્યું છે અને 100 ટકા ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરી રહ્યા છે એ જાણીને તેઓ આનંદિત થયા હતા

---

- માં. ખા /રૂપલ, NAVIN

# GUJARAT ST CORPORATION

ગુજરાત એસટી નિગમ દ્વારા ખાલી પડેલી 1,658 હેલ્પરની જગ્યા પર ભરતી જાહેર કરાઇ છે. આ ભરતી કરાર આધારિત 5 વર્ષ માટેની રહેશે. જે ઉમેદવારોની પસંદગી થશે તેમને દર મહિને 21 હજાર એકસો રૂપિયા ફિક્સ પગાર ચૂકવમાં આવશે. ઉમેદવારો 5 જાન્યુઆરી સુધી ઓજસ વેબસાઇટ પરથી ઓનલાઇન અરજી કરી શકશે. જેમાં ઉમેદવારોએ પોતાનો મોબાઈલ નંબર અને ઈમેલ આઈડી ફરજિયાત આપવાનું રહેશે.

હેલ્પરની કુલ 1,658 જગ્યામાંથી બિન અનામત, આર્થિક રીતે નબળા વર્ગ, સામાજિક અને શૈક્ષણિક રીતે પક્ષાત વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તેમજ માજી સૈનિક અને દિવ્યાંગો માટે નિયમ મુજબ જગ્યા ફાળવવામાં આવી છે. ભરતી અંગેની સૂચના જીએસઆરટીસીની વેબસાઈટ પર મુકાશે.

---

- ડેસ્ક- રિધ્ધિ, NAVIN

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# CM- GUJ. HIGH COURT

ગુજરાતની વડી અદાલત ખાતે રાજ્યના ન્યાયતંત્રની માળખાગત સુવિધાઓ વધુ મજબૂત કરવા 133 કરોડના વિવિધ પ્રકલ્પોનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ સૂર્યકાંતે લોકાર્પણ અને ખાતમુર્હૂત કર્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, કોઇપણ દેશ કે રાજ્યના વિકાસમાં કાયદો, વ્યવસ્થા અને ન્યાય પ્રણાલિનું મહત્વનું યોગદાન હોય છે. લોકોને સુશાસનનો પ્રત્યક્ષ અનુભવ થાય તે માટે ઝડપી ન્યાય પ્રાપ્ત થાય તે અતિ આવશ્યક છે.

## (બાઇટ- ભૂપેન્દ્ર પટેલ, CM)

આ પ્રસંગે સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ સૂર્યકાંતે જણાવ્યું હતું કે, મજબૂત ન્યાયપાલિકા રાષ્ટ્ર ઉત્થાનના પાયાના સ્તંભમાંની એક છે. કોઇપણ રાષ્ટ્રના વિકાસમાં તેની ન્યાય વ્યવસ્થાનું મહત્વનું યોગદાન છે. આજના આધુનિક યુગમાં મજબૂત જ્યુડીશિયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેક્નોલોજીનો ઉપયોગ ન્યાયતંત્રની સૌથી મહત્વની જરૂરિયાતો છે. આ બંને બાબતોના અમલીકરણમાં ગુજરાતની વડી અદાલત મોખરે છે. ગુજરાત વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગ્રવાલે આ પ્રસંગે કહ્યું હતું કે, માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ બનવાથી ન્યાયિક પ્રક્રિયા વધુ ઝડપી બને છે. રાજ્ય સરકારના હકારાત્મક અભિગમથી આજે અનેક નવાપ્રકલ્પોનો શિલાન્યાસ અને ખાતમુર્હૂત કરવામાં આવ્યા છે. આ પ્રસંગે ગુજરાત વડી અદાલતના ન્યાયમૂર્તિ બિરેન વૈષ્ણવ સહિતના ન્યાયમૂર્તિઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

- પીટીસી -અજય સર-યશ્વી, NAVIN

# KAMDHENU UNI. FIVE STAR

રાજ્યની એકમાત્ર કૃષિ યુનિવર્સીટી કામધેનુ યુનિવર્સીટી ગાંધીનગરને ગુજરાત રાજ્ય ઇન્સ્ટિટ્યુશનલ રેટિંગ ફ્રેમવર્ક તરફથી ફાઇવ સ્ટાર રેટિંગ મળ્યું છે.

કામધેનુ યુનિવર્સીટીની સ્થાપના રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી હતી. પશુચિકિત્સા અને પશુપાલન, ડેરી અને મત્સ્યવિજ્ઞાન ક્ષેત્રે શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણના ઉમદા ઉદ્દેશ્યથી આ યુનિવર્સીટીની સ્થાપના કરવામાં આવી હતી. 2018માં રાજ્ય સરકારે ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ નેશનલ ઇન્સ્ટીટ્યુશનલ રેન્કિંગ ફ્રેમવર્ક NIRF ને અનુરૂપ ગુજરાત સ્ટેટ ઇન્સ્ટીટ્યુશનલ રેટીંગ ફ્રેમવર્ક GSIRF ની શરૂઆત ઉત્કૃષ્ટ વિશ્વકક્ષાની સંસ્થાઓ બનાવવાના હેતુથી કરવામાં આવી હતી. GSIRF 2024માં રાજ્યની યુનિવર્સીટીઓએ ભાગ લીધી હતો. કામધેનુ યુનિવર્સીટીને કૃષિ શ્રેણીમાં ફાઇવ સ્ટાર રેટીંગ પ્રાપ્ત થયું છે.

---------------------------------------------------------------------

- મા.ખાતું-અજય સર-ચશ્રી

# SURAT - SUMUL DAIRY

સુરતની સુમુલ ડેરીના નવી પારડી ડેરી પ્લાન્ટને ઈન્ડિયન ડેરી એસોસિયેશનનો પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આઈસક્રીમ પ્લાન્ટની ક્ષમતા 20 હજાર લિટરથી વધીને પ્રતિદિન 1 લાખ લીટર જેટલી થઈ ગઈ છે.

મુંબઈ ખાતે આયોજિત સમારંભમાં સંઘના ચેરમેન માનસિંહ પટેલ અને ઉપપ્રમુખ રાજુ પાઠક તેમજ અન્ય ડિરેક્ટર અને એમ.ડી.અરુણ પુરોહિતને ઈન્ટર ડેરી એવોર્ડ 2024 આપવામાં આવ્યો હતો સુમુલ ડેરીના ડાયરેક્ટર જયેશ પટેલે માહિતી આપતા જણાવ્યું કે સુરતની સુમુલડેરીને તેના નવી પારડી ડેરી પ્લાન્ટના 100% ક્ષમતા વપરાશ, શ્રેષ્ઠગુણવત્તા, પ્રેસોસિંગ ટેક્નોલોજી, અને સલામતી નિયંત્રણો માટે એવોર્ડ અપાયો હતો.

## (બાઇટ -જયેશ પટેલ, ડાયરેક્ટર સુમુલ ડેરી )

---

- ptc સુરત ,જયેશ પટેલ, NAVIN

# GANDHINAGAR ACCIDENT

ગાંધીનગરના નાના ચિલોડા પાસે  ટ્રક અને કાર વચ્ચે થયેલા અકસ્માતમાં બે લોકોના ઘટના સ્થળે જ મોત નીપજયા હતા.

ગાંધીનગર જિલ્લાના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મેહતા જણાવે છે કે ગઇકાલે મોટી રાત્રે નાના ચિલોડા સર્કલ થી લીંબડીયા નર્મદા મુખ્ય કેનાલ બ્રિજ પાસે વચ્ચે  ટ્રક અને કાર વચ્ચે થયેલા અકસ્માતમાં કારમાં બેસેલા બંને વ્યક્તિઓ કારમાં દબાઈ ગયા હતા અને તેમના ઘટના સ્થળે જ મોત નિપજ્યાં હતા. બચાવ ટુકડી દ્વારા કારનો દરવાજો અને બોડી કાપી આ બંને મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા હતા.

---------------------------------------------------------------------

- પીટીસી ગાંધીનગર / જયેશ વેગડા, NAVIN

# PANCHMAHAL – NUTRITIOUS MEETING

પંચમહાલ જિલ્લામાં 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજનાના અસરકારક અમલીકરણ કરવાના હેતુથી  જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા પુરવઠા અધિકારી અને નાયબ કલેકટર એચ.ટી.મકવાણાની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી.

બેઠકમાં મધ્યાહ્ન ભોજન યોજનાના નાયબ મામલતદાર અને સુપરવાઇઝર તથા સંબંધિત અધિકારીઓને યોજનાના સફળ અમલીકરણ માટે નાયબ કલેકટર દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ.

નોંધનીય છે કે, રાજ્યની સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ પ્રાથમિક શાળાઓના બાલવાટિકા થી ધોરણ ૮ સુધીના વિદ્યાર્થીઓને પી.એમ. પોષણ યોજનામાં આપવામાં આવતા બપોરના ભોજન ઉપરાંત "મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના" દ્વારા પૌષ્ટિક અલ્પાહારમાં મંગળવાર, ગુરુવાર અને શુક્રવારે સીંગદાણા સહિત ચણા ચાટ અને મિક્ષ કઠોળ આપવામાં આવશે જ્યારે સોમવાર, બુધવાર અને શનિવારે  સુખડી તથા સીંગદાણામાંથી બનાવેલી ખાદ્ય સામગ્રીનો લાભ જિલ્લાની શાળાના વિદ્યાર્થીઓને મળવાનો છે.

---

- પીટીસી પંચમહાલ / જયેશ વેગડા, NAVIN

# ED-RAIDS

એન્ફોર્સમેન્ટ વિભાગના અધિકારીઓએ અમદાવાદ અને મુંબઇમાં સાત સ્થળે કરેલી દરોડાની કાર્યવાહીમાં સાડા તેર કરોડ રૂપિયાની રોકડ રકમ જપ્ત કરી છે.

બેંક ઓફ મહારાષ્ટ્ર અને નાસિક મર્ચન્ટ સહકારી બેંકના ખાતામાં થયેલા આર્થિક વ્યવહારોની તપાસમાં વિવિધ કંપનીઓને કરોડો રૂપિયાનું કરાયેલ હસ્તાંતરણની વિગતો મળી આવી છે. સંબંધિત બેંકોમાં કાર્યરત બનાવટી સંસ્થાઓના ખાતામાંથી ઉપાડવામાં આવેલ રકમ અમદાવાદ, સુરત અને મુંબઇના હવાલા ઓપરેટરોને આપવામાં આવી હોવાની જાણકારી મળી છે.

---

- પુલ-શ્રીરંગ સર-પ્રવિણ